## 7th January 2023 Gyanutsav Closing Ceremony

On the closing ceremony of Gyanutsav ,Chief Guest **Hon Mr. Mansukhbhai Vasava, (Member of Parliament ,Bharuch) Mr. Rameshbhai Mistry (MLA of Bharuch) , Hon Mr. Prakashbhai Patel (President BJP Bharuch City), Mr. Nareshbhai Sutharwala ( Chairman Bharuch nagar pallika Executive Committee) , Mr. Bhavinbhai Patel (Bharuch nagar pallika Dandak ) Mr. Dharmeshbhai Patel (Executive Member ),Vishruti Dudhwala and Leaders of Vishwa Hindu Parishad Mr. Dushyantbhai Solanki , Mr. Bipinbhai Patel, Hon Mr. Kishanbhai F Vasava (Bharuch District Education Officer),Mr. Bhupendrabhai Gadvi (TDO), Mr. Bharatbhai Salat (EI)**

**Mr. Maheshbhai Thakar( Principal Narayan Vidyavihar Bharuch ), Mr. Rajubhai Kasundra (Pracharya Madhav Vidyapith Kakadkui) and Mr.Behcherbhai Rathod and President of school Mr. Jayantibhai Panchal , Chairman Mr. Hemantbhai Prajapat**i were present.

In the closing ceremony **Hon Mr. Mansukhbhai Vasava** praised the presence of the leaders and said that we have the best cultural heritage Education gives excellence to man. A beautiful effort to bring out the strengths in the students of Narayan Vidyalaya . Praising the school administrators and teachers, he said that there is no other devotion like teaching a child. In the industries of Bharuch district, it should be a dream to have a Gujarati on a key post. He emphasized on providing training in schools for the UPSC examination in Gujarat. Stating that self-reliance is necessary to make the country prosperous, he also said that this work can be done only through education

**MLA of Bharuch Mr. Rameshbhai Mistry** also congratulated the students and teachers by praising the Gyanotsav. **Mr. Kishanbhai F. Vasava (District Education Officer)** addressed in the occasion that the school has given all the students a platform through which they can find their inner self. A certain new direction is obtained when some theoretical things which are in the books are presented in the form of experiments which can bring out the ability.

During the day, a large number of parents, students from other schools, college trainees and alumni came to witness the project. Teachers of Shravan Vidyalaya **Shri Harendrasinh Sindha** , (Principal B. H. Modi School), **Mrs. Jayaben Dalwadi** (Stri Niketan Sanstha ), Dr PV Patel (District Teacher Training bhavan), **Prof. Rekhaben Sejlia**, **Prof. Pritiben Sanghvi** witnessed this exhibition.

**Hon. Mansukhbhai Vasava (MP-Bharuch) and Mr. Rameshbhai Mistry** (MLA ) and President \ Trustees of the school who have given the area a good educational complex Hon. Mr. Jayantibhai D Panchal were honored by entire Narayan Nagar Committee ,**Uttambhai Modi , Mukeshbhai Patel , Kantibhai Master, Haridwanbhai Kayasth , Indrasingh Balwantsingh Parmar, Dilipbhai Parikh ,Thakorbhai Panchal** and a large number of dignitaries were present At the end of the three-day program, all the teachers and staff members and the students lighted the lamp and the program was completed. In the end**, Mr. Kishanbhai F Vasava** (District Education Officer ) and **Mr. Bharatbhai Salat** (EI) congratulated the students and teachers for their excellent performance. All the members of the school family who participated in this grand program were given merit badges by the school trustees.







**શાળાનાં વાલીશ્રી જતીનભાઇ પરમારનો સાંસ્કૃતિક કાર્યક્રમ અંગે વિચાર મંથન (પ્રતિભાવ)**

**તા. ૨૭-૧૨-૨૨**

પંડિત ઓમકારનાથ કલાભવનમાં નારાયણ વિદ્યાલયના વાર્ષિક સાંસ્કૃતિક કાર્યક્રમાં એક વાલી તરીકે અનહદ આનંદ લૂંટયો. ખૂબ મજા આવી. આખો હોલ ખીચોખીચ ભરેલો વાલીઓએ ઊભા રહીને તથા જયાં જગ્યા મળી બેઠાં પણ બાળકોની પ્રતિભાઓને નિહાળતાં જોવા મળ્યાં હતાં.

અહીયા એવી કેટલીક બાબતો નિહાળી જે મારા માટે નોંધપાત્ર રહી જે આપ સૌ સાથે વહેંચુ છું. એક પ્રેક્ષક, પિતા તરીકે બેઠો પરંતુ કલાપ્રેમી જીવ મારો સતત આવતા એક પછી એક મંચ ઉપર થતાં નયનરમ્ય નૃત્યો અને નાટકોની જબરજસ્ત પ્રસ્તુતિ જોઇ ખૂબ જ મજા લીધી તથા બૂમો પણ પાડી.

બધાં જ નાટકના પાત્રેને ખૂબ જ ધ્યાનથી નિહાળ્યાં જે પાત્રોએ કોઇ ડાયલોગ બોલવાનો ન હતો. માત્ર અભિનય કરવાનો હતો. એવા વિદ્યાર્થીઓ મતબલ જે પ્રજા(પબ્લીક) બનેલા વિદ્યાર્થીઓનો અભિનય એમનું ઊભું થવું, બેસી જવું કયારેક કેવું બેસવું? અને બેઠાં બેઠાં વાતો કરવી લાજવાબ હતું. જેમના પક્ષે ડાયલોગ હતાં એ વિદ્યાર્થીઓનો અભિનય પણ ખૂબ સરસ રહ્યો.અહીયા મારી નજર સમક્ષ મહત્વપૂર્ણ પાત્રો શિક્ષકો અને વિદ્યાર્થીઓ.

દરેક બાળકમાં અલગ-અલગ પ્રકારની સર્જન શકિત હોય છે. દરેક વિદ્યાર્થીને સર્જક તરીકે જોવાનો દ્રષ્ટિકોણ દરેક શિક્ષકનો હોવો જોઇએ. સમગ્ર કાર્યક્રમ સફળ રહ્યો શ્રી ચીમનભાઇ પરમાર સાહેબ સાથે શિક્ષિકા બહેનોનું સંચાલન ખૂબ સારું હતું.

પ્રિન્સીપાલ સાહેબશ્રી ભગુભાઇ પ્રજાપતિ તથા મહેમાનોનું વકતવ્ય ખૂબ સરસ.
અમૂક શિક્ષિકા બહેનોની સાદગી તથા વ્યવસ્થાપન કળાએ ધ્યાનપૂર્વક કર્યુ. આખરે અંદર ઊગતી પ્રતિભાઓને અંદર સુધી માણી.

**લિ. જતીન પરમાર (અભિગમ), ભરૂચ**

---

**તા. ૮-૧-૨૩**

**શાળાનાં વાલીશ્રી જતીનભાઇ પરમારનું પ્રોજેકટ પ્રદર્શનનું વિચાર મંથન (પ્રતિભાવ)**

પરમ પૂજયશ્રી નારાયણ બાપુના સાનિધ્યમાં ભરૂચમાં આવેલા નારાયણ નગરમાં જ નારાયણ વિદ્યાલયમાં ત્રણ દિવસીય જ્ઞાનોત્સવ કાર્યક્રમ યોજાયો. વિવિધ વિષયોને આવરી લેતાં ૫૮૦ જેટલાં પ્રોજેકટનું પ્રદર્શન આ કાર્યક્રમ અંતર્ગત પ્રસ્તુત કરાવમાં આવ્યું.

આ ખરેખર જ્ઞાનનાં ઉત્સવને મેં સતત બે દિવસ જાણ્યો અને માણ્યો. તે છતાં હું દરેક વિદ્યાર્થીઓ સુધી પહોંચી નથી શકયો. પરંતુ, દરેક કૃતિ ઉપર નજર ચોકકસ કરી છે. ત્રિમૂર્તિ હોલના મેદાનના પ્રવેશ દ્વાર ઉપર પૂજય નારાયણ બાપુની ધ્યાનકર્ષક છબી જોવા મળી. પવિત્રતા, સરળતા, સહજતા, પ્રેમ અને વહાલથી છલોછલ ભરેલા તેમના નયનોને નિહાળતો રહ્યો. ઘડીબર તમે એમની છબીને પણ જુઓ તો મન શાંત અને સ્થિર થઇ જાય. હૈયું સંતુષ્ટ થઇ જાય. એમના દર્શન કરીને અંદરની તરફ મારા મિત્ર જીજ્ઞેશ સાથે જ્ઞાન પ્રદર્શનનાં વિશ્વમાં પ્રવેશ કર્યો.

એમ કહેવું તદ્દન ખોટું ગણાશે કે અમે વિદ્યાર્થીઓ પાસેથી આ જ્ઞાનનાં ઉત્સવને માણ્યોં. મને તો એમ લાગ્યું કે ભૌતિક વિજ્ઞાન, રસાયણ વિજ્ઞાન, મનોવિજ્ઞાન, ફિઝિકસ, મેથ્સ, ભૂગોળ વિદ્યા તથા ભાષાના વિદ્વાન શિક્ષકો, પ્રોફેસરો કંઇક શીખવાડી રહ્યાં છે. દરરોજ ભણતાં આ વિદ્યાર્થઓ આજે શિક્ષકો અને પ્રોફેસરો બની અમારી સાથે સૌ એમના વિદ્યાર્થીઓ હતાં.

એક આહલાદક અનુભવ સાથે આ કાર્યક્રમનો આનંદ માણ્યો. આ કાર્યક્રમના આયોજન થકી વિદ્યાર્થીઓ, શિક્ષકો અને સાથોસાથ મુલાકાત લેનાર દરેકે દરેક માટે ખૂબ જ લાભદાયી નિવડશે એટલે હું પૂર્ણ વિશ્વાસ સાથે કહી શકું છું. નારાયણ વિદ્યાલય શાળા પરિવારનો હૃદયપૂર્વક આભાર પ્રગટ કરું છું. હું સારી રીતે સમજી શકું છું કે આ હદના કાર્યક્રમ કરવા માટે કેટલી ઉર્જા અને કેટલી સકારાત્મક શકિતઓની જરૂર પડે. સપની માનસિક અને શારીરિક ક્ષમતાઓને વંદન . આપ સૌના સહિયારા પ્રયત્નોએ કાર્યક્રમ સફળ બનાવ્યો છે. આવા જ પ્રયત્નો થકી આપણે વિદ્યાર્થીઓના રૂપમાં રહેલાં સર્જકો સુધી પહોંચી શકીએ છીએ. આ વિશ્વને સાચા સર્જકની શોધ કરવામાં મદદરૂપ થવા બદલ આ શાળાને મારા પ્રણામ.

**લિ. જતીન પરમાર (અભિગમ), ભરૂચ**